EDII

Sandesh (Citylife)

December 12, 2020
Page No.09

### ઉદ્યોગસાહસિક અભિગમ ધરાવતા લોકો માટે શિક્ષણ અને માર્ગદર્શન

# EDII દ્વારા આંત્રપ્રિન્યોરશિપ એન્ડ કેપેસિટી બિલ્ડિંગ ટ્રેનિંગ અપાઈ

સિટી લાઈફ ▸▸ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) એ દ્વારા ઉદ્યોગસાહસિકો માટે ઓનલાઈન પ્રોગ્રામ શરૂ કર્યો છે. સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકો એટલે કે એમએસએમઈ મંત્રાલયની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ-જનજાતિ કેન્દ્ર યોજના અંતર્ગત વિશેષ આંત્રપ્રિન્યોરશિપ એન્ડ કેપેસિટી બિલ્ડિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ હાથ ધર્યો છે. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિ-જનજાતિના યુવાનોને તેમના પોતાનો ઉદ્યોગ સ્થાપિત કરવાની તાલીમ અને સુવિધા આપવાનો છે. આ પ્રોગ્રામમાં ડેવલપિંગ આંત્રપ્રિન્યોરિયલ સોફ્ટ સ્કિલ્સ, માર્કેટિંગ એન્ડ બ્રાન્ડિંગ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, આંત્રપ્રિન્યોરશિપ સેન્સિટાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સામેલ છે, જે ઉદ્યોગસાહસિકોને સફળતાપૂર્વક સ્થાપિત કરવાનો અને સંચાલિત કરવાનો છે.

પ્રોગ્રામ વિશે EDIIના પ્રોજેક્ટ્સ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર એસ.બી.સરીને જણાવ્યું હતું કે, રોજગારીનું સર્જન, આવક અને સંપત્તિનું સર્જન એ દેશના નહી પણ વ્યક્તિગત લક્ષ્યાંકો પણ છે. દરેક વ્યક્તિ આવી મહત્ત્વાકાંક્ષા સેવે છે. આવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે જેમ દેશ સંસાધનોનો અસરકારક ઉપાયો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે તેમ વ્યક્તિએ પણ ઉચ્ચ સ્તરિય સફળતા હાંસલ કરવા માટે તેમની કુશળતા વધારવાની જરૂર છે. ખાસ કરીને અનુસૂચિત જાતિ-જનજાતિ અને વંચિત સમુદાયના લોકોએ, જેઓ કુશળતા અને શિક્ષણ મેળવવા સક્ષમ નથી તેમણે પોતાની અંદર રહેલી ક્ષમતાઓને પારખી પ્રયાસો કરવાની જરૂર છે. લક્ષ્ય નક્કી કરીને ઉદ્યોગસાહસિક અભિગમ ધરાવતા લોકો માટે તાલીમ, શિક્ષણ અને માર્ગદર્શન આદર્શ વાતાવરણ ઊભું કરી શકે છે.